# ગુજરાતના દરેક જિલ્લામાં એન્ટી નાર્કોટિક્સ વિંગ બનશે

**ડ્રગ્સ** સામે કાર્યવાહી માટે સાત દિવસમાં રચના પૂર્ણ કરવાનો આદેશ

**અમદાવાદ**-સુરતમાં બે-બે, વડોદરા-રાજકોટમાં એક-એક એકમ

### માત્ર ડ્રગ્સ સામે જ કાર્યવાહી

નવી વિંગ માત્ર માદક પદાર્થોને લગતા ગુનાઓ શોધવા અને નોંધવા માટે વિશેષ કાર્યદળ તરીકે કામ કરશે. તેને દારૂ, જુગાર કે અન્ય કોઈ કામગીરી સોંપવામાં નહીં આવે. તેમજ સ્થાનિક ગુનાશાખા, વિશેષ કામગીરી શાખા કે અન્ય નિયમિત ગુના નિયંત્રણ શાખાના ચાર્જ હેઠળ આ વિંગ ચલાવવામાં નહીં આવે.રાજ્ય કક્ષાની એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ દ્વારા ચિહ્નિત કરાયેલા ડ્રગ્સ પેડલરો અને હોટસ્પોટ પર નવી વિંગ સતત નજર રાખશે તથા અચાનક તપાસ હાથ ધરશે. વિંગ દ્વારા ગુનો શોધી કાઢવામાં આવ્યા બાદ તેની નોંધણી સ્થાનિક પોલીસ મથકમાં થશે અને આગળની તપાસ સ્થાનિક પોલીસ કરશે. જોકે, કાર્યવાહી દરમિયાન સ્થાનિક પોલીસની નિષ્ક્રિયતા, ઉદાસીનતા કે બેદરકારી સામે આવશે તો સંબંધિત પોલીસ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. નવી વિંગે દર મહિને કરેલી કામગીરીનો અહેવાલ પોલીસ કમિશનર અને રેન્જ વડાને મોકલવાનો રહેશે. માદક પદાર્થોના ગુનાઓમાં સંડોવાયેલા શખ્સો સામે પીઆઈટી-એનડિપીએસ હેઠળ અટકાયતની દરખાસ્ત સીઆઈડી ગુનાશાખાને મોકલવાની જવાબદારી પણ વિંગને સોંપવામાં આવી છે. રાજ્ય પોલીસ વડાએ આગામી સાત દિવસમાં તમામ એકમોની રચના પૂર્ણ કરી તેમાં નિમણૂક કરાયેલા અધિકારીઓ અને કર્મચારીઓની યાદી રાજ્ય કક્ષાની એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સને મોકલવાનો આદેશ કર્યો છે.

ગાંધીનગર : ગુજરાતમાં માદક પદાર્થોના ઉત્પાદન, સંગ્રહ, હેરફેર અને વેચાણ સામેની કાર્યવાહી વધુ સઘન બનાવવા રાજ્યના પોલીસ મહાનિદેશક જી. એસ. મલિકે દરેક જિલ્લામાં અલગ એન્ટી નાર્કોટિક્સ વિંગ ઊભી કરવાનો આદેશ આપ્યો છે. રાજ્યના તમામ જિલ્લાઓમાં જિલ્લા પોલીસ અધિક્ષકની સીધી દેખરેખ હેઠળ એકમ કાર્યરત કરાશે. અમદાવાદ અને સુરતમાં બે-બે, જ્યારે વડોદરા અને રાજકોટમાં એક-એક એકમની રચના થશે.

દરેક એકમમાં એક પોલીસ નિરીક્ષક, એક પોલીસ ઉપનિરીક્ષક, બે સહાયક પોલીસ ઉપનિરીક્ષક અથવા હેડ કોન્સ્ટેબલ અને ચાર પોલીસ કોન્સ્ટેબલ મળી કુલ આઠ સભ્યોની ટીમ રહેશે. હાલની આંતરિક વ્યવસ્થામાંથી સારા રેકોર્ડ ધરાવતા સક્ષમ અધિકારી-કર્મચારીઓને જોડીને આ વિંગની રચના કરાશે. દરેક એકમને અલાયદું વાહન અને ચાલક પણ ફાળવવામાં આવશે.

# વિધાનસભાના ચોમાસુ સત્રના પ્રથમ દિવસે રાજકારણ ગરમાશે

**મોંઘવારી**, બેરોજગારી, પેપર લીક, ખેડૂતોની સમસ્યા અને કાયદો-વ્યવસ્થાના મુદ્દે કોંગ્રેસ સરકારને ઘેરશે

**૯ સપ્ટેમ્બરે** સત્યાગ્રહ છાવણી ખાતે જંગી ધરણા

ગાંધીનગર : ગુજરાત વિધાનસભાનું ત્રણ દિવસીય ચોમાસુ સત્ર આગામી ૯થી ૧૧ સપ્ટેમ્બર દરમિયાન યોજાવા જઈ રહ્યું છે ત્યારે સત્રના પ્રારંભથી જ રાજકીય માહોલ ગરમાવાની શક્યતા છે. વિધાનસભાની અંદર સરકારને વિવિધ પ્રજાકીય મુદ્દે ઘેરવાની તૈયારી કરી રહેલી કોંગ્રેસે સત્રના પ્રથમ દિવસે જ ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે જંગી ધરણાં-પ્રદર્શન યોજવાનું નક્કી કર્યું છે. વધતી મોંઘવારી, બેરોજગારી, સરકારી ભરતીના પેપર લીક, ખેડૂતોની સમસ્યાઓ તેમજ કથળતી કાયદો-વ્યવસ્થાને મુદ્દો બનાવી કોંગ્રેસ સરકાર સામે આક્રમક મોરચો ખોલશે. દરમિયાન વિધાનસભા સત્રને પગલે ગાંધીનગરમાં વિધાનસભા સંકુલની અંદર તેમજ બહાર સઘન સુરક્ષા વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે.

૯ સપ્ટેમ્બરે સવારે ૧૧ વાગ્યે સત્યાગ્રહ છાવણી ખાતે યોજાનારા ધરણાં-પ્રદર્શનમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા અને ડૉ. તુષાર ચૌધરીની આગેવાનીમાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં જોડાશે. સત્રના પ્રથમ દિવસે જ સરકાર સામે શક્તિપ્રદર્શન કરી વિવિધ પ્રજાકીય પ્રશ્નોને લઈને સરકાર પર દબાણ ઊભું કરવાની કોંગ્રેસે રણનીતિ ઘડી છે.

વિરોધ પ્રદર્શનને સફળ બનાવવા માટે ગાંધીનગરના સેક્ટર-૨૨ સ્થિત કોંગ્રેસ કાર્યાલય ખાતે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. કોંગ્રેસ વર્કિંગ કમિટીના સભ્ય, પૂર્વ સાંસદ અને ધારાસભ્ય જગદીશ ઠાકોરના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં કોંગ્રેસના પ્રદેશ અગ્રણી નીશિત વ્યાસ , ગાંધીનગર શહેર અને જિલ્લા કોંગ્રેસના હોદ્દેદારો, તાલુકા-શહેર પ્રમુખો તથા જિલ્લા અને તાલુકા પંચાયતના જનપ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

**સુરત-તાપીના પશુપાલકો માટે 'થોડી ખુશી થોડા ગમ' જેવી સ્થિતિ**

# સુમુલે કિલો ફેટ ભાવમાં 75 વર્ષમાં સર્વાધિક રૂ.50નો ભાવ વધારો કર્યો

**સુમુલના** અઢી લાખ પશુપાલકોને વર્ષે 150 કરોડ બોનસ મળશે, પશુદાણની ગુણી રૂ.165 મોંઘી થતાં વર્ષે 45થી 50 કરોડનું ભારણ આવશે.

**ભેંસ** કિલોફેટ ભાવ 880થી વધારી 930 અને ગાયના દૂધનો ભાવ 850થી વધારી 900 રૂપિયા કર્યા

### સુમુલ દાણની 65 કિલોની ગુણી રૂ.1535થી વધારી 1700 કર્યા

65 કિલોની રૂ.1535ની પશુદાણની ગુણીનો ભાવ રૂ.165 વધારી રૂ.1700 કરવામાં આવ્યો છે. આ ભાવવધારાના કારણે સુમુલ સાથે સંકળાયેલા પશુપાલકો પર પશુદાણની ખરીદી માટે વર્ષ દરમિયાન અંદાજે રૂ.45થી રૂ.50 કરોડનો વધારાનો બોજ પડશે. પરિણામે દૂધના ભાવવધારાથી પશુપાલકોને મળનારી વધારાની આવકનો એક હિસ્સો પશુદાણ પાછળ જ ખર્ચાઈ જશે.

### કિલોફેટે રૂ.50નો વધારો આવકાર્ય, પરંતુ પશુપાલકોને હજુ વધુ ભાવ મળવો જોઈએ : જયેશ દેલાડ

સુમુલ ડેરીના 25 વર્ષ સુધી ડિરેક્ટર રહેલા ખેડૂત અને સહકારી આગેવાન જયેશભાઈ પટેલ (દેલાડ)એ જણાવ્યું હતું કે, સુમુલ ડેરી દ્વારા પશુપાલકોની વારંવારની રજૂઆતો બાદ દૂધના કિલોફેટે રૂ.50નો વધારો કરવાનો નિર્ણય આવકાર્ય છે. પરંતુ પશુપાલકો આ વ્યવસાયમાં લાંબા સમય સુધી ટકી રહે તે માટે દૂધના ભાવમાં હજુ વધુ ઉદારતા દાખવવી જરૂરી છે. પશુ આહાર અને દવાઓના ખર્ચમાં સતત વધારો થઈ રહ્યો છે. આ વર્ષે અલ નીનોની અસરના કારણે ઘાસચારો પણ ખૂબ મોંઘો બન્યો છે. બીજી તરફ સુમુલ દાણ પશુ આહારની પ્રતિ 65 કિલોની ગુણીમાં આશરે રૂ.165નો વધારો કરવામાં આવ્યો છે. પરિણામે પશુપાલકોનો ઉત્પાદન ખર્ચ ખૂબ વધી ગયો છે. ઘાસચારો અને પશુ આહાર મોંઘા થતાં પશુપાલકોનો ખર્ચ ખૂબ વધી ગયો છે. ખેડૂતો અને પશુપાલકોને આર્થિક રીતે ટકાવી રાખવા માટે ડેરીએ બજારમાં દૂધના વેચાણભાવને અનુરૂપ પશુપાલકોને હજુ વધુ કિલોફેટનો ભાવ આપવો જોઈએ. શહેર અને જિલ્લાના ગ્રાહકોએ હંમેશા ખેડૂતો અને પશુપાલકોના હિતમાં દૂધના વાજબી ભાવવધારાને સ્વીકાર્યો છે. તેથી દૂધના વેચાણભાવમાં યોગ્ય વધારો કરીને તેનો લાભ સીધો પશુપાલકો સુધી પહોંચાડવો જોઈએ. ઉત્પાદન ખર્ચ સરભર નહીં થાય તો ગ્રામીણ અર્થતંત્રને મોટો ફટકો પડી શકે છે.

સુરતઃ સુરત અને તાપી જિલ્લાના અંદાજે 2.50 લાખ પશુપાલકોની જીવાદોરી સમાન સુમુલ ડેરીએ તેના 75 વર્ષના ઇતિહાસમાં દૂધના ખરીદભાવમાં કિલોફેટ દીઠ રૂ.50નો વધારો જાહેર કરતાં પશુપાલકોમાં આનંદની સાથે રાહતની લાગણી જોવા મળી છે.

જોકે, બીજી તરફ સુમુલ પશુદાણની 65 કિલોની ગુણીના ભાવમાં રૂ.165નો વધારો કરવામાં આવતા પશુપાલકો માટે સ્થિતિ 'થોડી ખુશી થોડા ગમ' જેવી બની ગઈ છે. દૂધના વધેલા ભાવથી મળનારો લાભ પશુદાણ, ઘાસચારા અને અન્ય ઉત્પાદન ખર્ચમાં થયેલા વધારા સામે કેટલો ટકશે તેવો પ્રશ્ન પશુપાલકોમાં ઊભો થયો છે.

સુમુલ ડેરીના નવા નિર્ણય મુજબ ભેંસના દૂધનો કિલોફેટ ભાવ રૂ.880થી વધારી રૂ.930 કરવામાં આવ્યો છે, જ્યારે ગાયના દૂધનો કિલોફેટ ભાવ રૂ.850થી વધારી રૂ.900 કરવામાં આવ્યો છે. એટલે કે ગાય અને ભેંસ બંનેના દૂધમાં પશુપાલકોને કિલોફેટ દીઠ રૂ.50નો વધારાનો ભાવ મળશે. સુમુલ ડેરીના 75 વર્ષના ઇતિહાસમાં કિલોફેટ દીઠ એકસાથે રૂ.50નો આ અત્યાર સુધીનો સૌથી મોટો ભાવવધારો હોવાનું માનવામાં આવે છે.

આ નિર્ણયથી સુરત અને તાપી જિલ્લાના પશુપાલકોને વર્ષ દરમિયાન અંદાજે રૂ.150 કરોડની વધારાની આવક મળશે.લગભગ ચાર મહિના અગાઉ બજારમાં દૂધના વેચાણભાવમાં પ્રતિ લિટર રૂ.2નો વધારો કરવામાં આવ્યો હતો. ત્યારબાદથી પશુપાલકો દ્વારા દૂધના ખરીદભાવમાં કિલોફેટ દીઠ વધારો કરવાની સતત માગણી કરવામાં આવી રહી હતી. પશુ આહાર, ઘાસચારો, દવાઓ, મજૂરી અને ટ્રાન્સપોર્ટેશન સહિતના ખર્ચમાં સતત વધારો થતાં પશુપાલનનો વ્યવસાય દિવસેને દિવસે વધુ ખર્ચાળ બની રહ્યો હતો.

હવામાનમાં આવેલા ફેરફારો અને અલ નીનોની અસરના કારણે લીલા તેમજ સૂકા ઘાસચારાની અછત સર્જાતા ઘાસચારાના ભાવ આસમાને પહોંચી ગયા છે. ઉત્પાદન ખર્ચ વધવા સાથે દૂધ સંપાદનમાં પણ અસર થતાં પશુપાલકોને રાહત આપવા સુમુલ ડેરીએ ઐતિહાસિક ભાવવધારાનો નિર્ણય લીધો હોવાનું જાણવા મળે છે.

પશુપાલકોનું કહેવું છે કે દૂધના ભાવમાં મળેલો વધારો આવકાર્ય હોવા છતાં ઘાસચારો, પશુદાણ અને દવાઓના વધેલા ખર્ચને ધ્યાનમાં લેવામાં આવે તો તેમનો વાસ્તવિક નફો હજુ પણ ખૂબ મર્યાદિત રહેવાનો છે. દૂધ ઉત્પાદન ખર્ચમાં થયેલો ધરખમ વધારો સરભર થયા બાદ પશુપાલનમાંથી મળતી આવકમાં મોટો ફરક નહીં પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

# ૮મીએ પલસાણા-હજીરા રૂટ પર ભારે વાહનો માટે પ્રતિબંધ

**પીએમ** મોદીનો કાર્યક્રમ હોવાથી વૈકલ્પિક રૂટ જાહેર કરાયો

સુરતઃ આગામી તા. ૦૮/૦૯/૨૦૨૬ના રોજ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી નવસારી જિલ્લામાં 'કમલમ નમો કાર્યાલય' ખાતે આયોજિત ભવ્ય કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહેનાર છે. જેથી આગામી ૮મી સપ્ટેમ્બરના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યાથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર-૦૮ પર આવેલા પલસાણા ભાટીયા ચેક પોસ્ટથી હજીરા તરફ જતા ઓ.એન.જી.સી. બ્રિજ સર્કલ સુધી આવતા જતાં વાહનો અને પાર્કિંગ પર પ્રતિબંધ મુકવામાં આવ્ય છે.

### વાહનો માટે જાહેર કરાયેલા વૈકલ્પિક રૂટ

(1) સુરત બહારથી હજીરા જતા વાહનોઃ પલસાણા, કડોદરા, કામરેજ, કીમ ચોકડીથી ડાબે વળાંક લઈ સાયણ, વેલંજા, સાયણ ચેક પોસ્ટ અને O.N.G.C. ચાર રસ્તા થઈને હજીરા તરફ જઈ શકશે.
(2) પલસાણા/સચિન તરફથી હજીરા જતા વાહનોઃ સચિન જીઆઈડીસી ગેટ સામે ચાર રસ્તાથી જમણે વળાંક લઈ આશીષ હોટલ, ઉન, ભેસ્તાન, દક્ષેશ્વર ત્રણ રસ્તા, ઉધના દરવાજા, રિંગ રોડ, અઠવાગેટ, ગુજરાત ગેસ સર્કલથી પાલ પાટીયા થઈ O.N.G.C. ચાર રસ્તા તરફ જઈ શકાશે.
(3) હજીરાથી બહાર જતા વાહનોઃ O.N.G.C. ચાર રસ્તા બ્રિજ નીચેથી ડાબે વળી સાયણ ચેક પોસ્ટ, વેલંજા, સાયણ અને કીમ ચોકડી થઈને પલસાણા તરફ જઈ શકાશે.
(પોલીસ, એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ, SMC તથા સરકારી આવશ્યક સેવાના વાહનોને આ પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવી છે.)

# સુરતમાં હાઈકોર્ટની બેન્ચ મેળવીને જ જંપીશુઃ વકીલોનો ચલગાર

**સુરત** બાર- સિટી બાર તરફથી કોઈ પ્રતિનિધિ હાજર નહીં રહેતા ચર્ચાનો વિષય બન્યો



સુરતઃ સુરતમાં હાઈકોર્ટની બેન્ચ માટે લડત શરૂ કરનાર દક્ષિણ ગુજરાતના બીસીજી સભ્ય ઝકી શેખ, પ્રીતિ જોશી, હરેશ નાકરાણી, હિરલ પાનવાલા, ભાવેશ રબારી, હિતેશ પટેલ, પ્રવીણ પટેલ, વંદના ભટ્ટની આગેવાનીમાં આજે કામરેજ વાટિકા રિસોર્ટ ખાતે દક્ષિણ ગુજરાતના ૪૦ જેટલાં વકીલ મંડળના પદાધિકારીઓની બેઠક મળી હતી. જેમાં હાઈકોર્ટની બેન્ચ મેળવીને જંપીશુનો રણટંકાર કરવામાં આવ્યો હતો.

બીસીજીનાં સભ્યોએ જણાવ્યું હતું કે આ માત્ર એક શહેર કે એક બારની માંગ નથી. આ સમગ્ર દક્ષિણ ગુજરાતના વકીલ સમાજની સંયુક્ત અને વાજબી માંગ છે. તેમજ બીસીજીના આ સભ્યોની ઉપસ્થિતિમાં સુરત ખાતે ગુજરાત હાઈકોર્ટની બેન્ચ સ્થાપવાની માંગણીને સંપૂર્ણ સમર્થન આપતો ઠરાવ કરવામાં આવ્યો હતો. આ સાથે આ બેઠકમાં સર્વાનુમતે નિર્ણય કરાયો હતો કે આગામી તા ૧૧મી સુધીમાં દક્ષિણ ગુજરાતના તમામ વકીલ મંડળ દ્વારા સુરતમાં હાઈકોર્ટની બેન્ચ માટેની માંગણી કરતો ઠરાવ કરીને બીસીજી આ સભ્યોના માર્ગદર્શન હેઠળ બનનારી સંકલન કમિટીને સુપરત કરશે અને આ ઠરાવને આધારે હાઈકોર્ટનાં ચીફ જસ્ટિસ, રાજ્યપાલ તથા સરકારને રજુઆત કરવામાં આવશે. સુરત બાર અને સીટી બારને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું.

જો કે આજની આ બેઠકમાં આ બંને મંડળનાં પદાધિકારી કે કોઈ પ્રતિનિધિ હાજર નહીં રહેતાં ઉપસ્થિત અન્ય જિલ્લાનાં વકીલ મંડળના પદાધિકારીઓમાં ચર્ચાનો વિષય બન્યો હતો.

# MBBS-BDSની 2162 બેઠક માટે આજથી બીજો રાઉન્ડ

**મેડિકલની** 1537 અને ડેન્ટલની 625 બેઠક ખાલી

**પ્રથમ** રાઉન્ડમાં 1209 ઉમેદવારે રિપોર્ટિંગ ન કરતાં બેઠકો ખાલી પડી

### MDSમાં પણ 43 બેઠક ખાલી

બીજી તરફ, અનુસ્નાતક ડેન્ટલ કોર્સ MDSના પ્રથમ રાઉન્ડનું ઓનલાઈન સીટ એલોટમેન્ટ પણ જાહેર કરવામાં આવ્યું છે. મેરિટમાં કુલ 383 ઉમેદવારો સામેલ હતા, જેમાંથી 373 ઉમેદવારોએ ચોઈસ ફીલિંગ કરી હતી. MDSની કુલ 260 બેઠકોમાંથી 217 બેઠકોની ફાળવણી કરવામાં આવી છે, જ્યારે 43 બેઠકો હજુ ખાલી રહી છે. ખાલી બેઠકોમાં સરકારી ક્વોટાની 38, મેનેજમેન્ટ ક્વોટાની 3 અને NRI ક્વોટાની 2 બેઠકોનો સમાવેશ થાય છે. MDSમાં પ્રવેશ મેળવનારા ઉમેદવારો માટે 10 સપ્ટેમ્બર સુધી ઓનલાઈન ફી ભરવાની રહેશે. જ્યારે હેલ્પ સેન્ટર પર 7થી 11 સપ્ટેમ્બર દરમિયાન રિપોર્ટિંગ કરવાની રહેશે.

સુરતઃ ગુજરાતમાં MBBS અને BDSમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે પ્રથમ રાઉન્ડ બાદ વધુ એક તક ઊભી થઈ છે. ગુજરાત સરકારની મેડિકલ એડમિશન કમિટી દ્વારા શૈક્ષણિક વર્ષ 2026-27 માટે પ્રથમ રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ રાજ્યમાં બંને કોર્સની કુલ 2162 બેઠકો ખાલી રહી છે. આ ખાલી બેઠકોને ભરવા માટે આજથી, 7 સપ્ટેમ્બરથી બીજા રાઉન્ડની કાઉન્સેલિંગ પ્રક્રિયા શરૂ થશે, જે 11 સપ્ટેમ્બર સુધી ચાલશે.

પ્રથમ રાઉન્ડમાં બેઠકોની ફાળવણી બાદ ઉમેદવારોને 29 ઓગસ્ટથી 5 સપ્ટેમ્બર સુધી રિપોર્ટિંગ માટેનો સમય આપવામાં આવ્યો હતો. સમયમર્યાદા પૂર્ણ થયા બાદની સ્થિતિમાં MBBSમાં કુલ 1537 બેઠકો ખાલી હોવાનું સામે આવ્યું છે. તેમાં 785 બેઠકો એવી છે, જેમાં કોઈ ઉમેદવારને એલોટમેન્ટ થયું નથી, જ્યારે 752 બેઠકો એલોટમેન્ટ થયા બાદ ઉમેદવારોએ રિપોર્ટિંગ ન કરવાને કારણે ખાલી રહી છે. તે જ રીતે BDSમાં કુલ 625 બેઠકો ખાલી છે. તેમાં 168 બેઠકો નોન-એલોટેડ છે, જ્યારે 457 બેઠકો નોન-રિપોર્ટેડ રહી છે. આમ MBBS અને BDS બંનેને મળીને 943 બેઠકોમાં પ્રથમ રાઉન્ડમાં એલોટમેન્ટ થયું નથી, જ્યારે 1209 બેઠકો એલોટમેન્ટ થયા છતાં ઉમેદવારોએ પ્રવેશ માટે રિપોર્ટિંગ કર્યું નથી.

# કૌટુંબિક મામા-ફોઈના બાળકોના મૈત્રી કરારમાં પિતાનું અપહરણ

**ઇકો** ગાડીમાં યુવકના પિતાને માર મારી અપહરણ કરનારા કોસંબા પાસેથી ઝડપાયા



સુરતઃ સીમાડા નાકા સ્થિત શક્તિવિજય સોસાયટી પાસે ગત શનિવારે રાત્રે પ્રેમસંબંધ અને મૈત્રી કરારની અદાવતમાં એક આધેડનું અપહરણ કરી જીવલેણ હુમલો કરાતાં ચકચાર મચી ગઈ છે.

અમદાવાદથી ઈકો ગાડી લઈને આવેલા સાસરિયા પક્ષના લોકોએ આધેડને ઢોર માર મારી, 'મારી છોકરી પાછી જોઈએ, નહિંતર આજે પતાવી દઈશું' એવી ધમકી આપી અપહરણ કરી ફરાર થઈ ગયા હતા. પોલીસે કોસંબા પાસેથી કેટલાક આરોપીને ઝડપી લીધા છે.

શક્તિવિજય સોસાયટીમાં રહેતા સાગર નામના યુવકે ચાર-પાંચ દિવસ પહેલાં અમદાવાદ ખાતે રહેતા પિતાના કૌટુંબિક ફોઈની દીકરી રિતુ નામની યુવતી સાથે પ્રેમસંબંધ બાંધી મૈત્રી કરાર કર્યા હતા અને તેને સુરત લઈ આવ્યો હતો. યુવતીના પરિજનો આ મૈત્રી કરારથી નારાજ હતા અને તેનું મનદુખ રાખીને ગત શનિવારે રાત્રે આશરે ૧૦:૦૦ વાગ્યાના સુમારે એક ગ્રે કલરની ઈકો ગાડી (નંબર GJ-27-DM-2862) માં સુરત ધસી આવ્યા હતા.

સીમાડા નાકા પાસે આરોપી અમરશીભાઈ હરીભાઈ મકવાણા, તેમના પુત્રો જયેશ અને ભરત, પત્ની રતનબેન, પુત્રી કંચન, તેનો પતિ તથા ઈકો ગાડીનો ડ્રાઈવર એકસંપ થઈ સાગરના પિતા જયંતીભાઈ મેઘાભાઈ ભાદરકા પર તૂટી પડ્યા હતા. આરોપીઓએ જયંતીભાઈને ઢોર માર મારી, બળજબરીપૂર્વક ગાડીની પાછલી સીટ પર બેસાડી દીધા હતા.

આરોપીઓએ 'અમારી છોકરી પાછી આપો, નહીંતર જયંતીને પતાવી દઈશું' તેવી ચીસ પાડીને ગાડી રેલ્વે સ્ટેશન તરફ ભગાડી મૂકી હતી. આ સમગ્ર વારદાત અંગે શક્તિ વિજય સોસાયટીમાં રહેતા રમેશભાઈ લાલજીભાઈ ભાદરકાની ફરિયાદના આધારે કાપોદ્રા પોલીસે ફુવા અમરશીભાઈ મકવાણા સહિત ૭ સામે ગુનાહિત કાવતરું રચવા, અપહરણ અને જીવલેણ હુમલાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# મટકી ફોડવા નીકળેલા બે મિત્રોનો અકસ્માત, એકનું મોત

**અંધારામાં** બમ્પર નહીં દેખાતા મોપેડ આગળ ચાલતી કાર સાથે અથડાઈ

સુરતઃ જન્માષ્ટમીના દિવસે મિત્ર સાથે મટકી ફોડવા માટે નીકળેલા આભવા ગામના 24 વર્ષીય યુવકનું માર્ગ અકસ્માતમાં મોત નીપજ્યું હતું. આગમ આર્કેડ કેનાલ રોડ પર સાઈબાબા મંદિર નજીક રાત્રિના અંધારામાં બમ્પર નહીં દેખાતા મોપેડ બમ્પર કૂદી આગળ ચાલતી કાર સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો.

આભવા ગામના મોટા માછીવાડમાં રહેતો 24 વર્ષીય દેવકુમાર બલવંતભાઈ પટેલ છૂટક મજૂરી કામ કરતો હતો. જન્માષ્ટમીના દિવસે દેવકુમાર પોતાના મિત્ર રાહુલ શિવરામભાઈ ગામીત (24 વર્ષ) સાથે મોપેડ પર ભીમપોર ગામમાં રહેતા મિત્રને મળવા ગયો હતો. ત્યાંથી બંને સિટીલાઈટ વિસ્તારમાં મટકી ફોડવા માટે નીકળ્યા હતા. દેવકુમાર મોપેડ ચલાવી રહ્યો હતો અને રાહુલ પાછળ બેઠો હતો. તેઓની મોપેડ આશરે 70 કિમી પ્રતિ કલાકની ઝડપે દોડી રહી હતી. દરમિયાન આગમ આર્કેડ કેનાલ રોડ પર સાઈબાબા મંદિર નજીક રાત્રિના અંધારામાં રસ્તા પર આવેલું બમ્પર દેખાયું ન હતું. મોપેડ બમ્પર પરથી કૂદીને આગળ ચાલતી કાર સાથે અથડાઈ હતી.

અકસ્માત બાદ સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને બંને મિત્રોને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં રાહુલને સામાન્ય ઈજા હોવાથી પ્રાથમિક સારવાર બાદ રજા આપી દેવામાં આવી હતી. જ્યારે દેવને ગંભીર ઈજાઓ હોવાથી વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જ્યાં, સારવાર દરમિયાન આજે સવારે દેવનું મોત નીપજ્યું હતું.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### મેટ્રોમાંથી ઉતરી...

સંકલન અનિવાર્ય બનશે. આ માટે ટ્રાફિક પોલીસ અને સ્થાનિક રિક્ષા યુનિયનો સાથે સંકલન સાધીને દરેક સ્ટેશન માટે સ્પેસિફિક ટ્રાન્સપોર્ટ પ્લાન અમલી બનાવાશે. સ્ટેશન પરિસરની બહાર ડેડિકેટેડ પિક-અપ અને ડ્રોપ-ઓફ ઝોન, પેડેસ્ટ્રિયન વૉક-વે (પગપાળા માર્ગ) તેમજ વ્યવસ્થિત પાર્કિંગ સ્પેસ તૈયાર કરવામાં આવશે, જેથી ગીચ વિસ્તારોમાં પીક અવર્સ દરમિયાન ટ્રાફિક જામની સમસ્યા ન સર્જાય.

### નવી સિવિલના...

નથી. હોસ્પિટલ કેમ્પસમાં કૂતરાઓની વધતી અવરજવરથી દર્દીઓ, તેમના સ્વજનો તેમજ હોસ્પિટલ સ્ટાફમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. દરમિયાન પોસ્ટમોર્ટમ રૂમ નજીક એક તરુણ પાછળ અચાનક શ્વાન દોડતાં ભારે નાસભાગ મચી ગઈ હતી.

મળતી માહિતી મુજબ, નવી સિવિલ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમ નજીક એક તરુણ ઊભો હતો. તે દરમિયાન અચાનક એક રખડતા શ્વાને તેની પાછળ દોટ મૂકી હતી. કૂતરો પાછળ દોડતો જોઈ તરુણ ગભરાઈ ગયો હતો અને પોતાનો બચાવ કરવા માટે ચીસો પાડતો દોડવા લાગ્યો હતો. આ ઘટનાને પગલે આસપાસ હાજર લોકો અને સુરક્ષાકર્મીઓ પણ તાત્કાલિક તેની મદદે દોડી આવ્યા હતા.

સમયસૂચકતા વાપરી લોકોએ શ્વાનને ત્યાંથી ભગાડી મૂકતાં તરુણનો બચાવ થયો હતો. સદનસીબે આ ઘટનામાં તેને ગંભીર ઈજા પહોંચી નહોતી અને મોટી દુર્ઘટના ટળી હતી. જોકે શ્વાનને પાછળ દોડતો જોઈ PM રૂમ નજીક હાજર મૃતકોના સ્વજનો અને અન્ય લોકોમાં પણ થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

### તાપી જિલ્લાના...

વ્યારા મિશનથી તેમની અંતિમ યાત્રા શરુ થઈ હતી અને વ્યારા ટાઉનમાં જૂની એસએમસી થઈને તેમના મૂળ વતન ઉખલદા પહોંચી હતી અને ભારતીય સેનાના સન્માન સાથે નીકળેલી આ અંતિમ યાત્રામાં હજારો લોકો સામેલ થયા હતાં. તેમને સેનાએ ગાર્ડ ઓફ ઓનર પણ આપ્યું હતું. તેઓ સાત વર્ષ પહેલા સેનામાં જોડાયા હતા અને તેઓ પરિવારમાં એકના એક પુત્ર હતા જ્યારે તેમની નાની બહેન ટ્વિન્કલ એમએનો અભ્યાસ કરી રહી છે.

### એમેઝોનના પાર્સલમાંથી...

હતો. જે ઓપન કરીને ચેક કરતાં રૂ. ૨,૦૪,૮૦૦ની કિંમતનો 'Samsung Galaxy Fold 8 Ultra 5G' ઓરિજિનલ ફોન ગાયબ હતો અને તેના બદલે ડમી ફોન મૂકી દેવાયો હતો. ત્યારબાદ ગત તા. ૨૪/૦૮/૨૦૨૬ના રોજ અન્ય ડિલિવરી બોય જય બાબુભાઈ વિરાશ (રહે. પ્રભુનગર, ઉદયનગર પાસે, સુરત) પરત લાવેલા પાર્સલ ચેક કરતાં રૂ. ૧,૮૩,૦૪૨નો 'Apple iPhone 17 Pro (1 TB)' અડધો ખોલેલો મળી આવ્યો હતો અને તેમાં પણ ઓરિજિનલના બદલે ડમી ફોન મૂકાયેલો હતો. વધુ તપાસ કરતાં જય વિરાશ દ્વારા લવાયેલા અન્ય બે શીપમેન્ટ રૂ. ૧,૮૬,૪૩૯ની કિંમત ધરાવતા 'SanDisk Extreme 8TB Portable SSD' પણ ડમી હોવાનું બહાર આવ્યું હતું. આ ઉપરાંત તે રૂ. ૧,૨૨,૦૨૫નો 'iPhone 17 Pro Max (256 GB)' ડિલિવરી કરવા ગયો હતો, પરંતુ તેનો કોઈ ઓટીપી જનરેટ થયો નહોતો અને તેણે પાર્સલ પરત પણ કર્યું નહોતું. આમ ઓરિજિનલ લઈને ડમી આઈટમ્સ મૂકીને કુલ રૂ. ૮,૮૨,૭૪૫ના મુદ્દામાલની વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી.

# લેબગ્રોનના ભાવ વધારા માટે આજે બેઠક મળશે

**રફ** લેબગ્રોનની કિંમતમાં 25 ટકાનો વધારો સામે પોલીશ્ડ લેબગ્રોનના ભાવ 5% જ વધતા વેપારીઓ રણનીતિ ઘડશે

સુરતઃ સુરતના લેબગ્રોન ડાયમંડ ઉદ્યોગમાં છેલ્લા કેટલાક સમયથી વધી રહેલી ભાવતોડ સ્પર્ધાને રોકવા માટે હવે વેપારીઓ એકજૂટ થવાના પ્રયાસો શરૂ થયા છે. લેબગ્રોન ડાયમંડ એસોસિએશન દ્વારા સોમવારે 7 સપ્ટેમ્બરે સાંજે 5 વાગ્યે સમસ્ત પાટીદાર સમાજ હોલ આંબા તલાવડી કતારગામ ખાતે મહત્વપૂર્ણ બેઠક બોલાવવામાં આવી છે, જેમાં રફ લેબગ્રોનની કિંમતમાં 25 ટકાનો વધારો થયો હોવા સામે પોલીશ્ડ લેબગ્રોનના ભાવ 5% જ વધતા વેપારીઓ રણનીતિ ઘડશે.

લેબગ્રોન ડાયમંડના વેપારમાં વધતી સ્પર્ધાને કારણે કેટલાક વેપારીઓ ઓર્ડર મેળવવા માટે એકબીજાથી ઓછા ભાવે માલ વેચી રહ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ પ્રકારની બેફામ ભાવતોડ સ્પર્ધાથી સમગ્ર ઉદ્યોગના નફાકારક વેપાર પર અસર પડી રહી છે. પરિણામે બજારમાં ભાવનું સંતુલન ખોરવાઈ રહ્યું છે અને વેપારીઓ માટે યોગ્ય માર્જિન જાળવવું મુશ્કેલ બન્યું છે. આ પરિસ્થિતિમાં લેબગ્રોન ડાયમંડ એસોસિએશન દ્વારા વેપારીઓને એક મંચ પર લાવીને ભાવ તોડીને માલ ન વેચવા માટે સર્વસંમતિથી વેપાર ધારા નક્કી કરવાનો પ્રયાસ કરવામાં આવશે.

બેઠકમાં રત્નકલાકારોના હિતને પણ મહત્ત્વ આપવામાં આવશે. કેટલાક કિસ્સાઓમાં બજારમાં ઓછા ભાવે માલ વેચવાની સ્પર્ધામાં ઉત્પાદન ખર્ચ ઘટાડવા માટે રત્નકલાકારોની મજૂરી પર અસર થતી હોવાની ફરિયાદો સામે આવી છે. એસોસિએશનની બેઠકમાં એવો અભિગમ અપનાવવામાં આવશે કે રત્નકલાકારોની મજૂરીમાં કાપ મૂકીને અથવા તેમની આવક પર અસર કરીને હીરાના ભાવ તોડવાની સ્પર્ધા કરવામાં નહીં આવે.

# કાપડની સમગ્ર સપ્લાય ચેઈન પર વૈજ્ઞાનિક મોનિટરિંગ માટે રજૂઆત




**કાચા** માલના ભાવ, ડોલર-રૂપિયો, ફ્રેઇટ અને આયાત ખર્ચના આધારે પારદર્શક બેન્ચમાર્ક સિસ્ટમ સ્થાપવાની મંત્રાની ભલામણ

સુરત : સુરતના મેન-મેડ ફાઈબર ઉદ્યોગમાં કાચા માલના ભાવમાં થતી અસ્થિરતા તથા પોલિએસ્ટર મેલ્ટ અને યાર્નના ઊંચા ભાવના પ્રશ્નોના ઉકેલ માટે મંત્રાના ડિરેક્ટર ડૉ. પંકજ ગાંધી અને ડેપ્યુટી ડિરેક્ટર ડૉ. હિતેશ જરીવાલાએ ટેક્સટાઈલ કમિશનર વૃંદા દેસાઈ સાથે નવી દિલ્હી ખાતે મહત્વપૂર્ણ મુલાકાત સાથે સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગની સમસ્યાઓ અંગે વૈજ્ઞાનિક અને ટેક્નિકલ આધારિત રજૂઆત કરી હતી. મંત્રા દ્વારા તૈયાર કરવામાં આવેલા ટેક્નિકલ ક્લેરિફિકેશન રિપોર્ટમાં દર્શાવવામાં આવ્યું છે કે પોલિએસ્ટર મેલ્ટના ભાવને માત્ર તૈયાર ઉત્પાદન તરીકે જોવાને બદલે તેની સમગ્ર અપસ્ટ્રીમ સપ્લાય ચેઈનને ધ્યાનમાં લેવી જરૂરી છે.

પોલિએસ્ટર મેલ્ટનું ઉત્પાદન મુખ્યત્વે પીટીએ એટલે કે પ્યુરિફાઈડ ટેરેફ્થેલિક એસિડ અને એમઈજી એટલે કે મોનો ઈથિલિન ગ્લાયકોલ જેવા પેટ્રોકેમિકલ કાચા માલ પર આધારિત છે અને આશરે એક કિલો પોલિએસ્ટર માટે ૦.૮૬ કિલો પીટીએ તથા ૦.૩૩ કિલો એમઈજીનો ઔદ્યોગિક વપરાશ થાય છે. તેથી પીટીએ અને એમઈજીના આંતરરાષ્ટ્રીય ભાવ, આયાત ખર્ચ, ફ્રેઈટ, ડોલર-રૂપિયા વિનિમય દર, ઊર્જા ખર્ચ અને અન્ય ઉત્પાદન ખર્ચમાં થતા ફેરફારોની સીધી અસર પોલિએસ્ટર મેલ્ટ તથા ત્યારબાદ પીઓવાય, એફડીવાય, ડીટીવાય, ફેબ્રિક અને ગારમેન્ટ સુધીની સમગ્ર ટેક્સટાઈલ વેલ્યુ ચેઈન પર પડે છે. સુરતના ડાઉનસ્ટ્રીમ ટેક્સટાઈલ ઉદ્યોગને કાચા માલના ભાવમાં અચાનક વધારો, સપ્લાયની અછત તથા ઉત્પાદન ખર્ચમાં વધારાને કારણે કોસ્ટ-પુશ અસરનો સામનો કરવો પડે છે.

આ સમસ્યાના ઉપાય તરીકે મંત્રાએ સરકાર દ્વારા પારદર્શક બેન્ચમાર્ક મોનિટરિંગ સિસ્ટમ સ્થાપિત કરવાની ભલામણ કરી છે, જેમાં પીટીએ અને એમઈજીના આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્ક, ડોલર-રૂપિયા વિનિમય દર, ફ્રેઈટ, આયાત ખર્ચ અને અન્ય યોગ્ય ખર્ચને આધારે પોલિએસ્ટર મેલ્ટ માટે વૈજ્ઞાનિક અને પારદર્શક બેન્ચમાર્ક નક્કી કરવામાં આવે, જેથી વાસ્તવિક મૂળભૂત ખર્ચમાં થયેલા ફેરફાર અને બજારમાં થતા અસામાન્ય ભાવવધારા વચ્ચેનો તફાવત સ્પષ્ટ રીતે ઓળખી શકાય.